## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આમ તો મને પતંગ ઊડાડવાનો શોખ છે... પણ મારા સાસુ કહે છે કે પતંગ ઊડાડવામાં ઓમિક્રોનની ઝપટે તું ઊડી જાઈશ... એટલે માંડી નાખ્યું...!!**

# ગાંધીનગર મનપાના કોન્ટ્રોકટ પરના સફાઇ કર્મયોગીઓની હડતાલનો સુખદ ઉકેલ

### રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગના સદસ્ય શ્રીમતી અંજના પવારના અધ્યક્ષ સ્થાને સફાઇ કામદારોના પ્રશ્નોની સમીક્ષા બેઠક ગાંધીનગર ખાતે યોજાઇ

ગાંધીનગર, ગાંધીનગર મહાનગર પાલિકાના કોન્ટ્રોકટ પરના સફાઇ કામદારો છેલ્લા વીસ દિવસથી વધુ સમયથી હડતાલ પર હતા. સફાઇ જણાવ્યું હતું.

આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોન્ટ્રાકટ ઉપર કામ કરતા સફાઇ કર્મચારીઓની વિવિધ પ્રશ્નોની કે, કર્મચારીઓને કાયમી કરવાની માંગ એ સરકારની પોલિસી મેટર છે. તેમજ ડિઝીટલ ધડિયાળ માત્ર આપની કાર્ય સ્થળની ઉપસ્થિતિ માટે જ છે. પોલિસી મેટર અંગે હડતાલ પાછી ખેંચી લેવાની મૌખિક બાંહેધરી આપી હતી.

આ બેઠક બાદ સફાઇ કર્મચારી આયોગના સદસ્ય શ્રી અંજના પવાર આલમપુર ગામની માર્ગ બન્યા પછી કેવું લાગે છે, તેનો અભિપ્રાય પણ મેળવ્યો હતો. આ પ્રસંગે ગામના મહિલા સરપંચ શ્રી રૂપલબેન સોલંકીએ પણ ગામ વતી તેમને આવકાર્યા હતા.





કર્મયોગીઓની પોલિસી સિવાયની તમામ બાબતોનો સંતોષકારક ઉકેલ આવતા હડતાલ પાછી ખેંચી લીધી છે. સર્વ સફાઇ કર્મયોગીઓ મહાનગરપાલિકાની ડિઝીટલ ધડિયાળ પહેરીને જ પોતાની ફરજ બજાવશે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠક બાદ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગના સદસ્ય શ્રીમતી અંજના પવારે રજૂઆતને સદસ્યશ્રીએ સંભાળી હતી. તેમજ આ અંગે તેમની ઉપસ્થિતિમાં જ ગાંધીનગર જિલ્લા કલેટકર શ્રી ડૉ. કુલદીપ આર્ય, મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. ધવલ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ અને અન્ય અધિકારીઓ સાથે ચર્ચા- વિર્મશ કર્યો હતો. માંગણીના પ્રશ્નનો સાચો તાગ મેળવ્યા બાદ તેમણે જણાવ્યું હતું રાજય સરકારનું યોગ્ય ધ્યાન દોરવામાં આવશે. તેમજ સફાઇ કોન્ટ્રાકટર દ્વારા કોઇ કર્મચાચરીઓનો પગાર કાપવામાં નહિ આવે. તેમજ તેમની પગારમાંથી જેટલી કપાત થઇ છે, તે અંગેની માહિતી પણ તેમને આપવામાં આવશે. આ વાતને સફાઇ કર્મયોગીઓએ સમર્થ આપી સફાઇ કર્મચારી આયોગના સદસ્ય શ્રીમતી પવારને તેમની મુલાકાત લીધી હતી. ગામની સ્વચ્છતાનુ બારીકાઇથી નિરીક્ષણ કર્યું હતું. તેમજ ગામમાં વાલ્મિક સમાજના વાસમાં સિમેન્ટ – કોક્રિટના નવનિર્મિત રસ્તાનું લોકાર્પણ પણ તેમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાસમાં રહેતી મહિલાઓ દ્વારા તેમનું કંકુ – તિલક કરીને સ્વાગત કર્યું હતું. તેમણે રસ્તાના કામકાજ નિહાળી વાસમાં રહેતી મહિલા પાસે આ

બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રી પી.એસ.દવે, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ. ભોરણિયા, ડી.વાય.એસ.પી. શ્રી એમ.જે.સોલંકી અને શ્રી એમ.કે.રાણા સહિત નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત સંબંધિત અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં ૬ જેટલા સભ્યો ગેરહાજર રહ્યા હતા.
- જિલ્લા પંચાયતની સામાન્ય સભા ખુલ્લામાં પાર્કિંગની જગ્યામાં મંડપ બાંધી સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે રીતે યોજાઈ હતી. ખુલ્લામાં બીજીવાર સામાન્ય સભા મળી.
- સામાન્ય સભામાં જતા પહેલા થર્મલ સ્ક્રીનીંગ અને સેનેટાઈઝ્ડ હાથ કરાવવામાં આવતા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્યસભામાં પીવાનું પાણી પણ પાણીની બોટલો આપી આપવામાં આવ્યુ હતુ.
- જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા અને કારોબારી સમિતિના ચેરમેને પ્રશ્નો લેખિતમાં પુછ્યા હોવાથી રાજકીય વર્તુળોમાં તે ચર્ચાનો મુદ્દો બન્યા હતા. જો કે આ પ્રશ્નો તેમણે રજુ કરવાના ટાળ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પહેલીવાર ઔચિત્યભંગની રજુઆત કોંગીના અજીતસિંહ રાઠોડે કરી હતી.
- ગાંધીનગર શહેરમાં ઠંડીને કારણે આજે જનજીવન ખોરવાયુ હતુ.
- ગાંધીનગરમાં ઉત્તરાયણ પર્વની આડે એક દિવસ બાકી હોવા છતાં હજુ પતંગ બજાર સુમસામ જોવા સુમસામ જોવા મળ્યા હતા.
- રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વિવેકાનંદ જયંતિએ વિધાનસભા પોડિયમમાં વિવેકાનંદજીના તૈલ ચિત્ર સમક્ષ પુષ્પાંજલિ કરી ભાવ-વંદના કરી હતી.

## ઝુંડાલ શાલીગ્રામ લેકવ્યુ પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૨

વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલ શાલીગ્રામ લેકવ્યુ આગળ પાર્ક કરેલુ હોન્ડા ડીલક્ષ બાઈક ભર બપોરે કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ જતા યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ઝુંડાલ ગામ કલ્પતરૂ પાર્ક મિલેનીયમ ખાતે રહેતા ડી-૨૭૦ ખાતે રહેતા અંકુર ભરતભાઈ પરમાર (ઉં.૩૨) પરિવાર સાથે રહે છે. જયારે અંકુરભાઈ સચિવાલય ખાતે જી સ્વાનમાં ફરજ બજાવે છે. તેઓ નોકરી આવન જાવન માટે હીરો ડીલક્ષ બાઈક નં. જી.જે.૧૮.ડી.એ.-૧૧૮૯ નંબરનો ઉપયોગ કરે છે. ગત તા.૧૦ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરના બે વાગે અંકુર વૈષ્ણોદેવી સર્કલ પાસે શાલીગ્રામ લેકવ્યુ ખાતે હેલ્કીયન લાયબ્રેરી ખાતે વાંચન માટે આવ્યો હતો. બાઈક શાલીગ્રામ લેકવ્યુ નજીક પાર્ક કરીને ચા પી વા માટે ગયા હતા. ત્યારબાદ ચા પીને પરત આવી ગયા પછી બાઈક પર મુકેલી બુક લેવા માટે ગયા હતા તે સમયે ખબર પડી કે બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈકની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે.

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા જરૂરિયાતમંદોને વિવિધ વસ્તુઓનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

રોટરી કલબ ઓફ કેપિટલ અને શ્રીજલીયાણ સેવા ગ્રુપ દ્વારા સેકટર-૩ ખાતે જરુરિયાતમંદ દ્વારા ૬૦ જેટલા શિક્ષણનો લાભ લઈ રહેલા બાળકોને પતંગ, ફીરકી, ચણા, કચરીયું, ચોકલેટ, ચોપડા, પાણી બોટલ સહિત



બાળકોને ઉત્તરાયણ પર્વ નિમિત્તે અનેક ચીજવસ્તુઓનું વિતરણ કરાયું હતું. ઉત્તારાયણનું પર્વ બાળકોમાં ખૂબ આનંદ લાવતો હોય છે. જેથી આ પર્વનો આનંદ ઝૂંપડપટ્ટીના જરૂરિયાતમંદ બાળકો પણ માણી શકે તેવા ઉમદા હેતુથી આ બંને સંસ્થા અનેક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ કેપિટલના અમીબેન શાહ, પાર્થ ઠકકર, યશવંત જોશી, અશ્વિન શર્મા, વિભાબેન ઠકકર સહિત જલિયાણ સેવા ગ્રુપના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રીક્ષામાં બેસાડી મોબાઈલ લુંટી લેનાર ત્રિપુટી ઝડપાઈ

### એલસીબી પોલીસે ૧૨ મોબાઈલ, હોમ થિયેટર, રીક્ષા મળી કુલ રૂ.૭૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૨

રીક્ષામાં બેસાડી મુસાફરોના મોબાઈલ સેરવી લઈ મોબાઈલ વેચવા માટે ફરી રહેલા ત્રણ શખ્સોને સીએનજી રીક્ષા સાથે કલોલ સિંદબાદ હોટલ પાસેથી એલસીબીની ટીમે પકડી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ૧૦ મોબાઈલ, રીક્ષા, હોમ થિયેટર મળી કુલ રૂ.૭૯,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ. રાઓલ સ્ટાફના કર્મચારીઓ સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે બાતમી મળી હતી કે મુસાફરોને રીક્ષામાં બેસાડી મોબાઈલની લુંટ કરનાર ત્રણ શખ્સો સિંદબાદ હોટલ વિસ્તારમાં રીક્ષા સાથે મોબાઈલ વેચવા માટે ફરી રહ્યા હતા. તે સમયે એલસીબીની ટીમે હિતેશ રમેશ વાઘેલા (વણકરવાસ કલોલ), શાહીલ તુલસીદાસ શ્રીમાળી (રહે. જોટાણા મારૂતિનંદન સોસાયટી કલોલ), અને વિજય ઉર્ફે દદુ ભલાભાઈ રાવળ (પ્લોટ નં. ૪૬ રેલ્વે પૂર્વ કલોલ) ને પકડી પાડ્યા હતા. આ ત્રણેય શખ્સો પાસેથી પોલીસને ૧૨ મોબાઈલ ફોન તેમજ એક હોમ થિયેટર મળી આવ્યું હતું.



પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓએ રીક્ષામાં મુસાફરોને બેસાડી લુંટી લેતા હતા અને કેઆઈઆરસી કોલેજ પાસે એક સોસાયટીની દુકાનનું શટર અડધુ ખુલ્લુ જોવા મળતા તેમાંથી હોમ થિયેટર ઉઠાવી લીધાની કબુલાત કરી હતી. પોલીસે મોબાઈલ ફોન, રીક્ષા તેમજ હોમ થિયેટર મળી કુલ રૂ.૭૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## એ.વી.વી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ઉત્તરાયણની ઉજવણી

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાતિ એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઉત્તરાયણની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જરૂરિયાતમંદ લોકોને આપણાથી બનતી કંઈક મદદ થાય એ હેતુથી અને શેરીંગ ઈઝ કેરીંગની ભાવનાઓ બાળકો સમજે તે હેતુથી બાળકોએ, વાલીઓએ તથા સ્કૂલ ફેકલ્ટીઝ એ જરૂરિયાતમંદ લોકોને રમકડાં, બિસ્કીટના પેકેટ, સ્વેટર, કપડા, ખાવાની ચીજ વસ્તુઓ તથા ફળ, ચીકી, પતંગ વગેરે વસ્તુઓ શાળામાં પહોંચાડી હતી અને એ વસ્તુઓ જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવી હતી. ઉતરાયણમાં પતંગ ચગાવવાનો અનેરો ઉત્સાહ હોવા છતાં બાળકો, વાલીઓ અને ફેકલ્ટીઝ આ સત્કાર્યમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

## પીંડારડા તબેલા પરથી બે પશુઓની ચોરી

ગાંધીનગર મહુડી માર્ગ પર પીંડારડા આમ્રપાલી વૃધ્ધાશ્રમથી આગળ બોરકુવા પર તબેલામાંથી બે દુધાળા પશુની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. પોલીસે રૂ.૪૦ હજારના બે દુધાળા પશુ ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પીંડારડા ગામે ઝવેરીનગર ખાતે રહેતા ભરતસિંહ પોપટસિંહ વાઘેલા પીંડારડા ગામે આમ્રપાલી વૃધ્ધાશ્રમથી આગળ બોરકુવા પર પરિવાર સાથે રહે છે અને પશુપાલન તેમજ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૧જાન્યુઆરીના રોજ જમી પરીવારીને રાત્રીના આઠ વાગ્યાના અરસામાં ભરતસિંહ બોરકુવા પર આવ્યા હતા અને સુઈ ગયા હતા.જયારે રાત્રીના સાડા ત્રણ વાગે ઉઠીને તેઓએ પશુઓના તબેલામાં આંટો માર્યો હતો. તે સમયે તમામ પશુઓ સલામત હતા. ત્યારપછી ફરીયાદી ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ તેઓ સવારે ૬ વાગે પશુઓને દોહવા માટે આવ્યા હતા. તે સમયે બોરકુવા પર પર પહેલા દરવાજાનું લોક તુટેલુ હતું, અને તુરંત જ તબેલામાં જોવા ગયો હતો. ત્યારે ફરીયાદીના દુધાળા બે પશુઓ દેખાયા ન હતા. કોઈ ચોર ઈશમો બે પશુઓની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ત્યારે ભરતસિંહે આસપાસના નજીકના ખેતરમાં પણ પશુઓ અંગે તપાસ કરી હતી. પરંતુ પશુઓ મળી આવ્યા ન હતા. જેથી પેથાપુર પોલીસ મથકે તેઓએ રૂ.૨૦-૨૦ હજારના બે પશુઓની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

## ધી ચિલોડા સેવા સહકારી મંડળીમાં બિનહરીફ ચૂંટણી

ચિલોડા મોટા ખાતે ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.માં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં



નિવૃત્ત શિક્ષક રમણભાઈ પટેલ ચેરમેન પદે તથા શકરાજી ઠાકોર વાઈસ ચેરમેનપદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બાબતે સેવા સહકારી મંડળીના સર્વે સભાસદો, કારોબારી સભ્યો તથા ગ્રામજનોએ બંને હોદ્દેદારો પર પૂર્ણ વિશ્વાસ મુકી વરણી કરવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને મંડળી હવે વધુ ને વધુ પ્રગતિના સોપાનો હાંસલ કરે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## શહેરનો યુવાન ફેન્સીંગ રમતમાં મેળવેલ સિદ્ધીઓને ધ્યાને રાખી એમ.ટી.એસ.ની પોસ્ટ માટે પસંદગી પામ્યો

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે રહેતા સચિન પટ્ટણી પોસ્ટ વિભાગની કેન્દ્ર સરકારની સ્પોર્ટસ કવોટાની ભરતીમાં ફેન્સીંગ રમતમાં મેળવેલ સિદ્ધીઓને ધ્યાને રાખી એમ.ટી.એસ.ની પોસ્ટ માટે પસંદગી પામ્યો છે.

શહેરના સેકટર-૫ ખાતે રહેતા સચિન પટ્ટણીએ ફેન્સીંગ રમતની શરુઆત પ્રેરણા વિદ્યાલય ખાતેથી ફેન્સીંગ કોચ ભરતજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ કરી હતી. સચિન ફેન્સીંગની એડવાન્સ તાલિમ ગુજરાતના સ્પોર્ટસ મેન્ટર અને ફેન્સીંગના કોચ ભરતજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની નડીયાદ સ્થિત ફેન્સીંગ એકેડમી ખાતે કોચ રોશન થાપાના માર્ગદર્શન હેઠળ મેળવી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે સચિન છેલ્લા આઠ વર્ષથી સતત રાજયકક્ષાએ મેડલ જીતે છે અને નેશનલ કક્ષાએ મેડલ જીત્યા છે. કેડેટ કોમનવેલ્થ ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં દેશનુ પ્રતિનિધીત્વ રી સિલ્વર મેડલ મેળવ્યો છે. એમેચ્યોર ફેન્સીંગ એસોશિએશન ઓફ ગુજરાત



સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોર વધુમાં જણાવે છે કે સચિન ૨૦૨૮ ઓલ્મિપક માટે ટાર્ગેટેડ ખેલાડી છે તેને ધ્યાનમાં રાખીને તાલિમ આપવામાં આવે છે.સચિનના માતા-પિતા તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને દિકરાને આગળ વધારવા માટે તેઓ સપોર્ટ કરે છે. સચિનની સિદ્ધીઓ બિરદાવતા એમેચ્યોર ફેન્સીંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશ ચૌધરીઅને મંત્રી ભરતજી ઠાકોર તેમજ ફેન્સીંગ એસોસિએશન ગાંધીનગરના પ્રમુખ સંજીવ મહેતા, ઉપપ્રમુખ હિંમતજી ઠાકોર અને મિલન ચાવડા સહિત સહમંત્રી હાર્દિકજી ઠાકોર અભિનંદન પાઠવ્યા હતા.

## સ્મિત ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકો માટે સેવાકાર્ય

ગાંધીનગર, તા.૧૨

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના અલગ અલગ વિસ્તારના અનાથ બાળકોને ઉતરાયણના તહેવાર નિમિતે બાળકોને ઉતરાયણ માટે પતંગ, ફીરકી, ચીક્કી, મમરાના લાડુ, રાજગરાના લાડુ,વગાડવાના પીપુડા, વગેરે આપવામાં આવ્યા હતા. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ, ભાવિકભાઈ વ્યાસ, આગરી શહેરવાલા, રોબીનભાઈ, સમિકભાઈ તથા નિગમ સોસાયટી (ઘોડાસર) ટીમ મેમ્બર , કનુભાઈ, કિંજલ ગોખલે, દેવાંગી પરસાણીયા, પલ કણસાગરા આ પ્રસંગે હાજર રહ્યા હતા.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



## આનંદવાટીકા સોસાયટી ખાતે સુંદરકાંડના પાઠ યોજાયા

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ આનંદવાટીકા સોસાયટી ખાતે ગત તા.૯ જાન્યુઆરીને રવિવારના રોજ ધવલભાઈ વ્યાસના મધુર કંઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સર્વે ભકતોએ લાભ લીધો હતો.

## જલારામ મહિલા મંડળના નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૨

જલારામ મહિલા મંડળ સેકટર-૨૯ દ્વારા સર્વાનુમતે આ વર્ષની કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મિત્તલ રાણા, ઉપપ્રમુખ તરીકે જયોતિબેન ઠકકર અને મંત્રી તરીકે ઉષાબેન જી.ઠકકરની નિમણુંક કરવામાં આવી હતી. આ સાથે સંસ્થાના પ્રમુખ દ્વારા અન્ય કારોબારી સભ્યોની વરણી પણ કરવામાં આવી હતી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
**જાહેર નિવિદા નંબર-૧૪ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧, જલભવન, બાયપાસ રોડ, મોતીપુરા, હિંમતનગર - ફોન નં. ૯૯૭૮૪૦૬૫૭૭ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, વડાલી, ઈડર, તલોદ અને પ્રાંતિજ તાલુકાઓની વિવિધ ગામોમાં ૨૦૦ ટ ૯૦ મીટર ઉંડાઈના ડીટીએચ બોર શારકમાની કામગીરી (કુલ-૧૬) કરવાના રૂ. ૧૦,૯૯,૪૮૫.૦૦ના કામોના (ટેન્ડરમાં માગ્યા મુજબ) માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.gwssb.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર આઈડી.-૫૦૦૨૬૩થી ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૨૪/૧/૨૦૨૨ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને રજી.પો.એ.ડી./ રૂબરૂ / કુરીયર / સ્પીડ પોસ્ટથી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા. ૨૫/૧/૨૦૨૨ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીનો કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

નામાનિ/હિંમત/૫૧૩/૨૦૨૨

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
'ગુજરાત સરકારનું સાહસ'
**જાહેર નિવિદા નંબર-૧૨ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, બીજો માળ, જલભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, મોતીપુરા, હિંમતનગર મોબાઈળનં. ૯૯૭૮૪૦૬૫૭૭ દ્વારા નીચેના કામ માટે ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ પાત્રતા ધરાવનાર પાસેથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી સાબરકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ તાલુકાઓમાં આવેલ હયાત કાર્યરત હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે બાર (૧૨) માસની મુદતના ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ : ૨૪/૧/૨૦૨ના ૧૮.૦૦ કલાક છે. અને રજી.પો.એડી/ રૂબરૂ / કુરીયર / સ્પીડ પોસ્ટથી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા. ૨૫/૧/૨૦૨૨ને ૧૫.૦૦ કલાક સુધી છે.

| અ. નં. | તાલુકાઓની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | ટેન્ડર આઈડી નં. | ટેન્ડર ફી ઈએમડી રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | વિજયનગર તાલુકા | ૧૨.૩૭ | ૫૦૦૨૬૮ | ૯૦૦.૦૦<br>૧૨૩૮૦.૦૦ |
| ૨ | હિંમતનગર પ્રાંતિજ/ઈડર/ તલોદ અને વડાલી તાલુકા | ૧૨.૫૧ | ૫૦૦૨૭૪ | ૯૦૦.૦૦<br>૧૨૫૨૦.૦૦ |
| ૩ | ખેડબ્રહ્મા તાલુકા | ૯.૭૧ | ૫૦૦૨૭૮ | ૯૦૦.૦૦<br>૯૭૨૦.૦૦ |
| ૪ | પોશીના તાલુકા | ૧૬.૫૫ | ૫૦૦૨૮૨ | ૯૦૦.૦૦<br>૧૬૫૬૦.૦૦ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ અને www.gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. હવે પછીનો કોઈપણ સુધારો ફક્ત વેબસાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૫૧૫/૨૦૨૨